# વિધિપક્ષ (અંચલ) ગચ્છના સમાચારી ગ્રંથો અને વિધિ રાસ

– એક સમીક્ષા

સંશોધક : મુનિશ્રી કલાપ્રભસાગરજી મ. સા.

વિધિપક્ષ (અંચલ) ગચ્છ પ્રવર્તક પૂ. યુગપ્રધાન દાદાશ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મહારાજાએ સં. ૧૧૬૯ માં આગમોકત સિતેર બોલની પ્રરૂપણા કરવા સાથે વિધિપક્ષ ગચ્છનું પ્રવર્તન કર્યું, તે વખતે ચૈત્યવાસીના પ્રભાવનાં કારણે ફેલાયેલા શિથિલાચારોને દૂર કરવા પૂ. દાદાશ્રી આર્યક્ષિતસૂરિએ તપ અને જ્ઞાનના પ્રભાવથી અપૂર્વ પુરુષાર્થ આદર્યો. શ્રી આર્યરક્ષિતસૂરિની આગમપ્રરૂપણા સાથે જનપ્રવાહ પણ આનંદથી વિધિ-માર્ગમાં જોડાયો. શ્રી આર્યરક્ષિતસૂરિ અને તેમના પટ્ટધર શ્રી જયસિંહસૂરિના આધ્યાત્મિક પ્રભાવથી તે વખતે વિધિપક્ષ ગચ્છમાં ૧૨ આચાર્યો, ૨૦ ઉપાધ્યાયો, ૭૦ પદસ્થો અને ૨૧૦૦ સાધુઓ મળીને કુલ સંખ્યા ૨૨૦૨ ની હતી; જ્યારે સાધ્વી સમુદાયમાં ૧૦૩ મહત્તરા, ૮૨ પ્રવર્તિની અને ૧૧૩૦ સાધ્વીજીઓ સહિત કુલ સાધ્વીજીઓ ૧૩૧૫ હતાં.

શ્રી શંખેશ્વર ગચ્છ, નાણાવલ ગચ્છ, વલ્લભી ગચ્છ, નાડોલ ગચ્છ, ભિનમાલ ગચ્છ, ઇત્યાદિ ગચ્છોએ વિધિપક્ષ ગચ્છની સમાચારીનો સંપૂર્ણ રીતે સ્વીકાર કર્યો હતો. તેમ જ ઝાડાપલ્લી ગચ્છ, આગમ ગચ્છ, પૂર્ણિમા ગચ્છ, સાર્ધપૂર્ણિમા ગચ્છ ઇત્યાદિ ગચ્છોએ વિધિ-પક્ષ ગચ્છની મુખ્ય સમાચારી સ્વીકારી. આ પરંપરાના સાધુઓ અને શ્રાવકો વગેરે પણ વિધિપક્ષ ગચ્છમાં ભળી ગયા.

સંવત ૧૨૩૬ માં શ્રી આર્યરક્ષિતસૂરિ કાળધર્મ પામ્યા. શ્રી આર્યરક્ષિતસૂરિના મુખ્ય પટ્ટધર શ્રી જયસિંહસૂરિ મહાન પ્રભાવક હતા. 'અનેક લાખ ક્ષાત્રિય પ્રતિબોધક' તરીકે ગ્રંથકારોએ તેમને નવાજ્યા છે. તેમના ઉપદેશથી અનેક ક્ષાત્રિયોએ તેમ જ અન્ય જૈનેતરોએ જન ધર્મનો સ્વીકાર કર્યો હતો. હત્થુડીઆ, પડાઈઆ, નાગડા, લાલન, દેઢિયા, ગાલા, કટારીઆ, પોલડીયા, નીસર, છાજેડ, રાઠોડ, લોલડીયા, મહુડીયા, સહસ્ર-



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગણુગાંધી આદિ ગોત્રો અસ્તિત્વમાં આવ્યા. આ ગોત્રોના મુખ્ય પુરુષો અને વંશજોને શ્રી જયસિંહસૂરિની પ્રેરણાથી ઓસવાળ જ્ઞાતિમાં ભેળવી દેવામાં આવ્યા હતા. આ રીતે ઓસવાળો અને ઉપરોક્ત ગોત્રોના વંશજો પણ વિધિપક્ષ (અંચલ) ગચ્છની સમાચારીને પાળતા હતા.

શ્રી જયસિંહસૂરિના પટ્ટધર શ્રી ધર્મઘોષસૂરિના ઉપદેશથી બોહડસખા, દેવાણંદ-સખા, હરિયા, ગોઠી, ચોપાણી, ભૂલાણી, કોકલીઆ ઇત્યાદિ ગોત્રોના મુખ્ય પુરુષો અને વંશજો જૈનધર્મી બન્યા હતા.

આ રીતે વિધિપક્ષ (અંચલ) ગચ્છની સમાચારીને પ્રથમ અક્ષરદેહ આપવાનું શ્રેય ગચ્છના ત્રીજા પટ્ટધર શ્રી ધર્મઘોષસૂરિને ફાળે જાય છે. તેઓએ સં. ૧૨૬૩ માં પ્રાકૃત ભાષામાં 'પ્રશ્નોત્તર પદ્ધતિ' અપરનામ 'શતપદિકા' ગ્રંથની રચના કરેલી, પણ આ ગ્રંથની અવિદ્યમાનતા ખેદજનક છે. શ્રી ધર્મઘોષસૂરિના પટ્ટધર અને 'અષ્ટોત્તર તીર્થ-માલા'ના રચયિતા શ્રી મહેન્દ્રસિંહસૂરિજીએ સં. ૧૨૯૪ માં સંસ્કૃતમાં ૫૩૪૨ શ્લોક-પ્રમાણ 'શતપદી ગ્રંથ' ની રચના કરી. શ્રી મહેન્દ્રસિંહસૂરિ નોંધે છે, તે મુજબ શ્રી ધર્મઘોષસૂરિએ રચેલ 'શતપદી ગ્રંથ' સમજવામાં કઠિન પડે તેમ હતો. મહેન્દ્રસૂરિએ તે ગ્રંથમાં થોડાક પ્રશ્નોત્તરો ઉમેરી, કેટલાક ફેરફાર કરી સરળ સંસ્કૃતમાં 'શતપદી ગ્રંથ' રચ્યો. 'બૃહત્ શતપદી'ના નામે પ્રસિદ્ધ આ ગ્રંથ વિધિપક્ષ (અંચલ) ગચ્છની સમાચારી જાણવા માટે અતિ ઉપયોગી છે, એટલું જ નહીં, પરંતુ ગચ્છની સ્થાપના પછી થયેલ ગ્રંથ રચનાઓમાં આ ગ્રંથ વિરલ કોટિનો છે. ગચ્છના પ્રાપ્ત ગ્રંથોમાં પ્રથમ (રચિત) ગ્રંથરત્નનું સ્થાન પણ આ 'બૃહત્ શતપદી ગ્રંથ'ને મળી શકે એમ છે. આ ગ્રંથની હસ્ત-પ્રતો ઘણાં જૈન જ્ઞાન ભંડારોમાં વિદ્યમાન છે. એક વિરલ તાડપત્રીય પ્રત ખંભાતના શ્રી શાંતિનાથજી જ્ઞાનભંડારમાં વિદ્યમાન છે. બીજી તાડપત્રીય પ્રત વડોદરામાં શ્રી કાંતિ-વિજયજી જ્ઞાન ભંડારમાં છે. એ પ્રતના ૧૬૩ પત્ર છે.

અચલ ગચ્છાધિપતિ પૂ. દાદાશ્રી મેરુતુંગસૂરિજીએ પણ સં. ૧૪૫૩ માં શ્રી ધર્મઘોષ-સૂરિજીના મૂળ ગ્રંથના ૪૫ વિચારો અને સાત નવા વિચારો ઉમેરી ૧૫૭૦ શ્લોકપ્રમાણ 'લઘુ શતપદી ગ્રંથ'ની રચના કરી, જે 'શતપદી સારોદ્ધાર' તરીકે પણ ઓળખાય છે. શ્રી મહેન્દ્રસૂરિ રચિત 'શતપદી ગ્રંથ' માં ૧૧૭ વિચારો હોઈ પર વિચારવાળો આ ગ્રંથ 'લઘુ શતપદી' તરીકે પ્રસિદ્ધ છે. દાદાશ્રી ગૌતમસાગરજી મ.સા.ની સૂચનાથી કોડાય (કચ્છ)ના શ્રાવક પ્રો. રવજી દેવરાજે આ બંને ગ્રંથોનો ગુજરાતી સાર સં. ૧૯૫૧ માં પ્રકાશિત કરેલો છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સં. ૧૬૦૨ પછી ક્રિયોદ્ધારક પૂ. દાદાશ્રી ધર્મમૂર્તિસૂરિજીએ પણ સમાચારી વિષયક 'વિચારસાર' નામક ગ્રંથ લખ્યો. આ ગ્રંથની પ્રાયઃ એક માત્ર વિરલ પ્રત જોધપુરના 'રાજસ્થાન પ્રાચ્ય વિદ્યા પ્રતિષ્ઠાન'ના સંગ્રહમાં વિદ્યમાન છે. આ ગ્રંથની ફોટો કોપી પણ પ્રાપ્ત કરાયેલ છે, જેના અંતિમ પત્રનો બ્લોક આ સ્મૃતિ ગ્રંથમાં અપાયેલ છે. 'વિચારસાર'ની પ્રશસ્તિ ઉપરથી જણાય છે, કે શ્રી ધર્મમૂર્તિસૂરિજીએ સ્વયં આ પ્રત લખેલ છે.

ઉપરોક્ત વિગતોનું આલેખન કરવાનું કારણ એ જ કે, અહીં પ્રગટ થતી 'વિધિ-રાસ ચઉપઈ' એ પણ ઉપરોક્ત રચનાઓની જેમ સમાચારી વિષયક પદ્ય કૃતિ છે. મારા વડીલ ગુરુ બંધુ આગમપ્રજ્ઞ, વયોવૃદ્ધ મુનિરાજ શ્રી કીર્તિસાગરજી મ. સા. ના સાન્નિધ્યમાં વિ. સં. ૨૦૨૯ ના મહા વદ ૮ ના ભુજપુર (કચ્છ)માં એક હસ્તલિખિત પ્રત પરથી આ 'વિધિ રાસ ચઉપઈ' કૃતિને સંપાદિત કરેલ છે. આ ગુજરાતી પદ્ય કૃતિ ૧૦૭ કંડિકાઓથી અલંકૃત છે. ચૂલિકા પહેલાની ૯૫ મી કંડિકામાં ગચ્છનાયક શ્રી ધર્મમૂર્તિસૂરિનો ઉલ્લેખ કરવામાં આવેલ છે, જ્યારે છેલ્લી ૧૦૭ મી ગાથા પછી इति विधिरास चूलिका समाप्ता ॥ આટલા ઉલ્લેખ બાદ 'छाजू कृत' આ ઉલ્લેખ પરથી આ રાસના કર્તા મુનિ છાજૂ હોય એમ માની શકાય છે. જ્યારે મૂળ કૃતિ તો ૯૫ મી કંડિકાએ જ પૂર્ણ થાય છે. આ છેલ્લી કંડિકામાં ધર્મમૂર્તિસૂરિનું નામ ખાસ ધ્યાન ખેંચે છે. શકય છે કે, મૂળ રાસના કર્તા શ્રી ધર્મમૂર્તિસૂરિ હોય અને ચૂલિકાની ૧૧ (૯૬ થી ૧૦૭) કંડિકાનાં રચયિતા 'છાજૂ' હોય. અન્ય હસ્તપ્રતો અને પ્રમાણો પ્રાપ્ત થતાં આ અંગે નિર્ણય થઈ શકે. તે સં. ૧૬૦૨ (૭૨ ?) માં પિરોજપુરમાં ભુવડ પાર્શ્વનાથ પ્રભુની કૃપાથી રચાયેલો છે.

'સંવત સોલબિહુત્તર' રાસના આ શબ્દોથી સં. ૧૬૭૨ માં આ રાસની રચના થઈ હોય તો શ્રી ધર્મમૂર્તિસૂરિ સં. ૧૬૭૦માં કાળધર્મ પામેલા. તો સં. ૧૬૭૨ માં રચાયેલી આ કૃતિમાં શ્રી ધર્મમૂર્તિસૂરિની વિદ્યમાનતાને સૂચિત કરે છે. 'સોલબિંહુતરઈ-સોલ બિહુઉત્તરઈ....બે છે. ઉત્તરમાં જેના એવા સોળ અર્થાત્ આ રીતે સં. ૧૬૦૨ આ કૃતિનો રચના વર્ષ ઉપયુક્ત લાગે છે. આ વાતને માનવા બીજું કારણ એ છે, કે સં. ૧૬૦૨ માં શ્રી ધર્મમૂર્તિસૂરિ આચાર્યપદ અને ગચ્છનાયક પદથી અલંકૃત થયેલા, તેમ જ એ જ વરસમાં (સં. ૧૬૦૨ માં) બાવન મુનિવરો અને ચાળીસ સાધ્વીઓ એમ કુલ ૯૨ ઠાણા સહિત શ્રી ધર્મમૂર્તિસૂરિએ ક્રિયોદ્ધાર પણ કર્યો હતો. દરમિયાનમાં



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શાસ્ત્રોક્ત ગચ્છની સમાચારીને અનેક ભવ્યાત્માઓ કંઠસ્થ કરી શકે શકે માટે ગુજરાતીમાં આ પદ્ય રચના થયેલ છે. એ ઉપરથી રચના સં. ૧૬૦૨ ની વાત વધુ બેસતી લાગે છે.

શ્રી ધર્મમૂર્તિસૂરિનો સંક્ષિપ્ત પરિચય આ પ્રમાણે છે :

ત્રંબાવતી અપર નામ ખંભાતના શ્રી માલી શ્રેષ્ઠિ હંસરાજનાં પત્ની હાંસલદેવીની કુક્ષિથી સં. ૧૫૮૫ માં પોષ સુદ ૮ ના ધર્મદાસનો જન્મ થયો. સં. ૧૫૯૯ માં શ્રી ગુણનિધાનસૂરિ પાસે ધર્મદાસે દીક્ષા લીધી. ધર્મદાસમાંથી ધર્મમૂર્તિ મુનિ બન્યા બાદ, તેમણે આગમાદિ શાસ્ત્રોનું ચીવટપૂર્વક અધ્યયન કર્યું. સં, ૧૬૦૨ માં રાજનગરમાં શ્રી ગુણનિધાનસૂરિ પોતાની પાટે શ્રી ધર્મમૂર્તિસૂરિને સ્થાપીને સ્વર્ગે સંચર્યા.

સંવત ૧૬૦૨ માં શ્રી ધર્મમૂર્તિસૂરિ આચાર્યપદે તેમ જ ગચ્છનાયકપદે આરુઢ થયા. સં. ૧૬૦૨ માં તેમણે ક્રિયોદ્ધાર કર્યો. પટ્ટાવલીના ઉલ્લેખ મુજબ સંવત ૧૬૧૪ માં શત્રુંજય તીર્થમાં આવીને શ્રી ધર્મમૂર્તિસૂરિએ ક્રિયોદ્ધાર કર્યો હતો. ક્રિયોદ્ધાર વખતે ૫૨ સાધુઓ અને ૪૦ સાધ્વીઓ મળી ૯૨ ઠાણા તેમની આજ્ઞામાં હતા. ત્યારબાદ તેમના પરિવારમાં દિન પ્રતિદિન વૃદ્ધિ થયેલી. શ્રી ધર્મમૂર્તિસૂરિની નિશ્રામાં પ્રતિષ્ઠાઓ અને છ'રી પાળતા સંઘો આદિ અનેકવિધ શાસન પ્રભાવનાનાં શુભ કાર્યો થયાં હતાં. તેમના સમય દરમ્યિાન ગ્રંથોદ્ધાર એ એક જબ્બર અને મહત્ત્વપૂર્ણ કાર્ય હતું. શ્રી ધર્મમૂર્તિસૂરિના ઉપદેશથી લખાયેલા અનેક આગમાદિ શાસ્ત્રગ્રંથો પ્રાપ્ત થાય છે. તેમના ઉપદેશથી લખાયેલા ગ્રંથોની વિરલ પ્રતો (નકલો) 'દુર્લભ ગ્રંથો' ની કોટિની છે.

આગ્રાના અકબરમાન્ય લોઢા ગોત્રીય શ્રેષ્ઠિ શ્રી ઋષભદાસ તથા કુરપાલ – સોનપાલ શ્રી ધર્મમૂર્તિસૂરિના પરમ ભક્ત હતા. આ આચાર્યશ્રીના ઉપદેશથી શ્રી ઋષભદાસે સંવત ૧૬૧૭ માં શ્રી સમેત શિખરનો સંઘ કાઢયો. આ સંઘમાં બે હજાર યાત્રિકો હતા. તે સમય દરમિયાન આચાર્યશ્રીએ ઉત્તર ભારતમાં ઉગ્ર વિહારો કરી ધર્મપ્રચાર કર્યો હતો. સં. ૧૬૨૯ માં તેઓ અમદાવાદ પધાર્યા, ત્યારે ત્યાંના સંઘે ત્યાગ, વૈરાગ્ય આદિ ગુણોથી આકર્ષાઈ શ્રી ધર્મમૂર્તિસૂરિને ગુણપ્રધાનપદ આપેલું. જામનગરમાં શ્રી ધર્મમૂર્તિસૂરિના ઉપદેશથી શત્રુંજય તીર્થનો યાત્રાસંઘ, જિનાલય નિર્માણ આદિ અનેક ધર્મકાર્યો થયાં હતાં. પાલનપુરનો નવાબ શ્રી ધર્મમૂર્તિસૂરિનો પરમ ભક્ત હતો. સં. ૧૬૭૦ ની ચૈત્રી પૂનમના શ્રી ધર્મમૂર્તિસૂરિ ૮૫ વર્ષની વયે કાળધર્મ પામ્યા હતા.

બીજા ઉલ્લેખ મુજબ આ 'વિધિ રાસ'ના કર્તા મુનિ છાજૂ છે. તેમણે રચેલી અન્ય એક કૃતિ સિવાય તેમના અંગે વિશેષ માહિતી મળી શકી નથી. પણ તેઓશ્રી ધર્મમૂર્તિસૂરિના વિજય-રાજ્યમાં આદરપાત્ર મુનિ હતા, એમ આ 'વિધિ રાસ' જોતાં લાગે છે. ગચ્છની સમાચારીને ગુર્જર પદ્યમાં રચવાનો યશ તેમને ફાળે જાય છે, એમ કહેવું ઉપયુક્ત લાગે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ વિધિ રાસ પદ્ય કૃતિમાં કર્તાએ વિધિપક્ષ (અંચલ) ગચ્છની સમાચારીને સિદ્ધિ કરવા અનેક જિનાગમો અને સૂત્રોના આધાર પાઠ અને નામ આપી આ કૃતિને અભ્યાસ-યોગ્ય બનાવી દીધેલ છે. આ ગચ્છની સમાચારીની સામાયિક, પૌષધ, ચઉપૂર્વી, ૮૫ અતિચાર, ઉત્તરાસંગ, સત્તર ભેદી પૂજા તેમ જ ચરવલા પર્વ તિથિ આદિ માન્યતાઓ અંગે અનેક આગમોનાં પ્રમાણ આપ્યાં છે. કવિએ શ્રી જયશેખરસૂરિ કૃત 'ઉપદેશ ચિંતામણિ' ગ્રંથનો પણ નામોલ્લેખ કરેલ છે.

આ કૃતિમાં કવિનો ઉપદેશ હૃદયંગમ છે. કેટલાંક પદ્યો જોઈએ :

જે પાલઇ જિનઆણ, જાઇ સઘલા કર્મ નઠઇ;
મણુય જન્મ સફલું કરું એ, ટાલું મન ભ્રાંતિ. ૨૯

છતી શક્તિ જે તપ ન કરઇ, દેવગુરુ ન વંદઇ;
તે મૂરખ મતિહીણ સહી, આગમ તે નીંદઇ. ૪૩

લહુઆ ગુરુ આલોયણા, આવઇ તેહ દંડા;
જે પાલઇ જિન આણા, સુખ તિસ હુઈ અખંડા. ૪૯

જિસ લાખિઉ શ્રી વર્ધમાન, તેહવી પરિ કીજઇ. ૭૩

જયગુરુ વચન તહત્તિ કરઇ, તિહુયણ તે ધન્ન. ૮૦

જે જિનવચન ન માનઇએ, તેહની મતિ ભૂંડી. ૯૦

શ્રુતપાર નવી પામીઇએ, જિસ અર્થ સમગ્રલ;
જે પાલઇ જિનઆણ, સુખ તિસુ હોઇ અનર્ગલ. ૯૧

આ રાસની મહત્તા કવિના જ શબ્દોમાં આ પ્રમાણે છે :

વિધિરાસ જે પઢઇ ગુણઇ, એ બઉ ભાવના પામઈ;
સંકલેશ સવિ દૂર ટલઇએ, પરમાણં પાવઈ ૯૪

શ્રી અંચલગચ્છ વિધિપક્ષ સબલ, તીસ કોઇ નજપઇ;
શ્રી ધર્મમૂર્તિસૂરિ ગુણભંડાર, બહુ દિન દિન દીપઇ. ૯૫

આ રાસનું તથા 'વિચારસાર'નું પરિશીલન કરતાં એમ લાગે છે કે, આ રાસમાં નિર્દિષ્ટ આગમોનાં નામ આદિ જે અપાયાં છે. તે શ્રી ધર્મમૂર્તિસૂરિ લિખિત 'વિચારસાર' ગ્રંથમાં તે તે આગમાદિના પાઠોનો સંગ્રહ કરવામાં આવેલ હોય.

(આ વિધિરાસની હસ્તપ્રતના અંતિમ પત્રના ફોટાનો બ્લોક પણ આ સ્મૃત ગ્રંથમાં આપવામાં આવેલો છે.)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રસ્તુત કૃતિ કવિના હૃદયની ભવભીરુતા અને જિનાજ્ઞા પ્રત્યેકના અપૂર્વ બહુમાનભાવને પ્રગટ કરે છે. જિનાજ્ઞાગર્ભિત સમાચારીના પાલન અને પ્રચાર માટે આ કૃતિ આરાધકો અને અભ્યાસીઓ માટે કંઠસ્થ તેમ જ અભ્યાસ કરવા યોગ્ય છે. આશા છે, કે આ વિધિ રાસ સર્વ પ્રથમ વાર પ્રગટ થતાં, જિજ્ઞાસુઓ લાભ ઉઠાવશે. અસ્તુ !

॥ ॐ नमो अरिहंताणं ॥

## વિધિ રાસ (ચઉપઈ)

સરસ્વતી, સામિણિ વિનવીએ, બે કર જોડિવિ;
વિધિરાસ તસહ વિચાર, હરજાઈ પભણેવિ. ૧

જંબૂદ્વીપ પન્નત્તિ એ, એક દુગ સંવચ્છર;
પૂછિઉં ગૌતમ સ્વામી, કહિઉં શ્રી વીર જિણેસર. ૨

એક દુગ ઈહું પંચવરસ, તેહ નામ લીય જઈ;
જિમ ભાખ્યાં અરિહંતદેવ, તેહવી વિધિ કીજઈ. ૩

એક દુગઈ બાસઠિ માસ, ચુવીસા સુપકિઅ;
જેઠ પરવ ભગવંતિ કહિઉં, હોઈં નિરંતુરપિ. ૪

ચંદવરસ......બી ચંદવરસ ત્રીજું અભિવદ્ધિ;
ચંદવરસ ચોથું કહીઉં એ, પંચ અભિગમ વદ્ધિ. ૫

ચંદવરસ જવ હોઈ, દિન પંચાસઈ કીજઈ;
અભિવદ્ધિ જવ હોઈ, દિન વીસ ગણી બીજઈ. ૬

કપ્પનિજ્જુત્તિ વિચાર કહ્યા, પનરસમી ગાથા;
કલપવીહી ભાખઈં કહિઉ એ, સમ્યગ એ અરથા. ૭

દશાશ્રુતખંધકિ નિર્યુગતિ, વલી તેહની ચૂરણે;
નિશીથ ભાષઈ બીજઈ ઉદ્દેસિ, વિધિ કહીય પજૂસણિ. ૮

દસમઈ ઉદ્દેસઈ ચૂર્ણિ નિશીથ શ્રી કલપહાવર્તિ;
અશુભ કર્મ સવિ જાઈસઈ, જહા પર્વ કરંતિ. ૯

નિશીથ-છેદ દસમઈ ઉદ્દેસિ, બહુગુણિ હિ અપરા;
પૂછયા ગૌતમ સ્વામી, કહ્યા શ્રી વીર વિચારા. ૧૦

દુગમ જે બે પોસહ વધઈ, બે અષાઢા;
ગ્રીષ્મમાંહિ વધારીઇ એ, રાખું મન ગાઢા. ૧૧

સંવચ્છર વિચાર કહ્યા ઘાતક એવહિ;
જે પાલઇ જિન આણ, જાય સઘલા કર્મ નઠઇ. ૧૨



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બાવીસ થાનક જાણીઈ એ, ચુપુવ્વી પોસ;
નિર્મલભાવઇ પાલીઇએ, ટાલું તહ દોસ. ૧૩

આવશ્યક નિર્યુક્તિ કહ્યાં, તેહની બિહું વિરતિ;
આવશ્યક ચુરણિ કહ્યા એ, વિરતિ પિંડ નિજ્જુતિ. ૧૪

ઉત્તરજ્જયણઇ તિહાં કહ્યા એ, નમિરાય અજ્ઝયણા;
સૂગડઅંગિ નાલિહી, પાલુ શ્રી જિણવયણા. ૧૫

ત્રીજે ઇ ઠાણા અંગિ કહ્યા, ચુપઇ તિહાં ઠાણ;
ચુવિહાર પોસા કહ્યા એ, પાલું જિણ આણા. ૧૬

ચઉવીસામાં ભેદ કહ્યા, તે સુણહ વિચાર;
બાર વ્રત અંગીકાર કરઈ, બહુ ગુણ હિ અપાર. ૧૭

સામયિક દેસાવગાસિ, બીજું એ કહીય;
ચઉપવ્વી પોસહ કરઇ એ, બીજું એખ હાય (હોય). ૧૮

અંતિ (ક)રઈ સંલેહણા, સારઈ બહુ કાજ;
જે પાલઈ જિણ આણા, હોઇ તિસ નિશ્ચલ રાજ. ૧૯

ચુથઈ સમવાયંગિ કહ્યા, પડિમા અધિકાર;
શ્રી ભગવતી જાણીઈએ, બહુ ઠામ વિચાર. ૨૦

પંચમઈ અધ્યયન સેલગરાય, શ્રી જ્ઞાતા કહીએ;
ચુપુવ્વી પોસહ કીયા, માનુ ભવ્ય ગ્યાત. ૨૧

આણંદ પ્રમુખ દસ તે હુઆ એ, ઉપાસક દસંગઈ;
ચુપુવ્વી પોસા પાલ્યા, નિર્મલ મન રંગઈ. ૨૨

શેઠ સુદર્શન અંતગડઇ, ચઉપવ્વી કરીયા;
છઠઈ વર્ગ ત્રીજાઇ અજ્ઝયણિ, નિશ્ચય મન ધરીયા. ૨૩

સુબાહુ પ્રમુખ દસ તે હુઆ, એ વિપાક શ્રુતિહિં;
બીજઇ ખંધઈ જાણીઇ એ, પાલ્યાં વ્રત નિરતિહિં. ૨૪

સમોસરણિ વલીય વિચાર, ઉપંગ ઉવાઇ;
રાયપસેણિય વલીય જોઇ, પરદેશી રાઈ. ૨૫

ત્રીજઇ વર્ગ નિરાવલી એ, પુપ્ફિયા ઉપાંગિ;
ત્રીજઇ અજ્ઝયણિ સોમલ બ્રહ્મ, પલ્યા મન ચંગિ. ૨૬

આલોયણિ અધિકાર કહ્યા, શ્રી કલ્પવિહારા;
શ્રુતાદશા છઠઇ અજ્ઝયણિ, પડિમા અધિકારા. ૨૭



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચૂરણિ નિશીથ ઇગ્યાર ચઇં, વરતિ યોગશાસ્ત્ર ગ્રંથા;
ત્રીજઈ પ્રકાશી ચિહુપર્વ્વ પોસ, કહિયા પરમાર્થા. ૨૮

ઉપદેશ ચિંતામણિ તિહાં કહિયા એ, પાલું વ્રત નિરતી;
મણુય જનમ સફલું કરું એ, ટાલું મન ભ્રાંતિ. ૨૯

એતલઇ ઠામઇ જાણીઇ એ, તેહની વલી વિરતિ;
ચુપવ્વી પોસહ પાલું, ભાંજઇ કર્મ કરતી. ૩૦

અઢાર ઠામિ જાણીઈ એ, શ્રાવક સામાઇયં;
જતિ પડિક્કમણું તે કહિઉં, એ ભાખિઉં જિણુરાઇ. ૩૧

આવશ્યક નિર્યુક્તિ કહ્યા, તેની બહુ વિરતિ;
આવશ્યક ચૂરણિ કહ્યા એ, ટાલું મન ભ્રાંતિ. ૩૨

ઉત્તરાધ્યયન સૂત્ર વિરતિ, શ્રીઠાણા અંગિ;
સમવાય-અંગિ, વિવાહ પન્નતિ, ઉપાદશાંગિ. ૩૩

સૂત્રવિરતિ ઉપાંગિ, ઉવાઇ, શ્રુત દશ ખંધા;
સામાઇય સમઠા(ઈ) કરું એ, ત્રુટઈ કર્મબંધા. ૩૪

પંચાસી અતિચાર કહ્યાં, ઉપાસગ-દ્દસંગિ;
તાસ વ્રતી કહ્યા એ વિચાર, અઉર શ્રી આવશ્યકહિં. ૩૫

યોગશાસ્ત્ર ત્રીજઇ પ્રકાશી, કહ્યા હેમાચારિજ;
આવશ્યક બિહું વ્રતિ કહ્યા, હીઇ અવધારિજ. ૩૬

કહી વડી વ્રતિ હરિભદ્રસૂરિ, લઘુ તિલકાચારિજ;
ઉપદેશ ચિંતામણિ તિહાં કહ્યા એ, માનુ ભવાચારજ. ૩૭

સાતમે આગમે જાણીઇ એ, અતિચાર પંચાસી;
જે ટાલઇ નિત દોષ એહ, કર્મ હોઇ વિનાશી. ૩૮

સમવાયંગિ સૂત્રવિરતિ, ઇગ્યારહ સમવાયિં;
સાવદ્ય-પડિમા ઇગ્યાર ભેદ, ભાખ્યા જિણુરાઈ. ૩૯

પોસહ ઉપવાસ નિરતા કરઇ એ, ચિહું પર્વિ પાલઈ;
અતિચાર ૦ આશાતના એ, આશ્રવ બહુ ટાલઇ. ૪૦

ચુથ તપ આઠમી કરઈ એ, પુનિમ અમાવસ ચુથમ;
ચુમાસઈ છઠમ કરઇ, સંવચ્છરી આઠમ. ૪૧



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવશ્યક ટીપણુ કહઉ, ચૂરણિ નિશીથા;
ચુથ–છઠ આઠમ અકરણુ ઇમ, કહિઉં ગીયહા. ૪૨

છતી શક્તિ જે તપ ન કરઇ, દેવગુરુ ન વંદઇ;
તે મૂરખ મતિહીણુ સહી, આગમ તે નિંદઇ. ૪૩

લહુઆ ગુરુ આલોયણા, આવઇ તેહ દંડા;
જે પાલઇ જિનઆણા, સુખ તિસ હુઈ અખંડા. ૪૪

લહુ આલોયણા દંડ, હુઇ તસ ચુપુરિમડ્ઢિ;
ગુરુય આંબિલ ચાર, બાધિ આવઇ તિહ. ૪૫

ચ્યારી શિખ્યાવ્રત ભેદ ચલ્યા, પચખાણુ નિજ્જુત્તિ;
હુઇ બહુત લાભ તિસ સહી, પાલું (પ્રેમે) તિગુત્તિ. ૪૬

સામાઇય દેસાવગાસિક, દિન દિન પ્રતિ લીજઈ;
આવશ્યક વડી વૃત્તિ કહિઉં, તેહ વા પરિકી જઈ. ૪૭

પોસહ વ્રત અતિથિ સંવિભાગ એ પર ચિંકરણા;
જિમ ભાખ્યા અરિહંત દેવ, તું હી ચિત્તધરણા. ૪૮

પોસહવ્રત અતિથિસંવિભાગ વિણુ પરવિ વરજ્યા;
આગમવચન ન માનઈ એ, આપણા મત ગરજ્યા. ૪૯

ચલવલુ મુહપત્તિ નવિ કહિઉ, એ શ્રાવક અધિકારા;
નિશીથે છેદ બીજે ઉદ્દેશિ, તિહાં ચલઈ વિચારા. ૫૦

ચૂરણિ નિશીથ અઉર બૃહત્ કલ્પ તેહની અઉર વિરત્તિ;
પિંડનિર્યુક્તિ વૃત્તિ સહિત, કહી ભગવંતિ. ૫૧

દશાશ્રુતખંધ વૃત્તિ સહિત, કલ્પહ વડી ભાખિ;
મહાનિશી થઇ વારિઉ એ, દશસૂત્ર સાખિ. ૫૨

ચ્યારી સામી ભેદ ચાલ્યા, છ ઠામ વિચારા;
પિંડ નિજ્જુત્તિ વૃત્તિ સહિત, અઉર ભાખિ વિહારા. ૫૩

વિહારવૃત્તિ અઉર પિંડવિશુદ્ધિ, વૃત્તિ સંજુગતિ;
જિણવર વચન તહત્તિ કરું એ, પાલું ત્રિહું ગુત્તિ. ૫૪

ચિહ્‌ન મિલઇ, પ્રવચન મિલઈ, તે સાહુ કહીઇ;
ચિહ્‌ન નહીં પ્રવચન મિલઈ, તે શ્રાવક સહી એ. ૫૫



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દસમી પડિ ચિહ્નન નહીં, પ્રવચન મિલેઇ;
સિખ્યા લોચ ઇગ્યારમા, કરઇ જતી ધરઇ. ૫૬

ચિહ્નન મિલઇ પ્રવચન નહીં, તે નિહ્નવ દાખિઓ;
ચિહ્નન નહીં પ્રવચન નહીં, તીર્થંકર ભાખિઉ. ૫૭

કરણુ શબ્દ મુહપત્તિ કહઇં, તે સૂત્રે ન ભાખિ;
કરણુ શબ્દ ઈહાં કહ્યા એ, સત સુત્રિઇં દાખિ. ૫૮

વિવાહ પન્નતિ વિપાકશત કહ્યા એ અરથા;
નવતત્ત તંદુલવયાલિ, યોગશાસ્ત્ર ગ્રંથા. ૫૯

ઉપંગ ઉવવાઈ તિહાં કહ્યા એ, અઉર કર્મગ્રંથા;
સાતઇ ઠામિ જાણીઇએ, ઇન્દ્રી પરમત્થા. ૬૦

સત્તર ભેદ પૂજા વિચાર, શ્રી જ્ઞાતા અંગિ;
પદરાય તણી ધૂયા, કીધી મનરંગિ. ૬૧

રાયપસેણી સુરિયાભદેવ, તિણિ કીધી વિધિ પરિ;
જીવાભિગમિ વિજયદેવ, તિણિ કીધી ઇણ પરિ. ૬૨

ઉદાયન રાજા તણીય, કલત્ર પ્રભાવતી રાણી;
સત્તર ભેદ પૂજા કીધી, ત્રિકરણુ મનિ આણી. ૬૩

ચૂર્ણિ નિશીથ ચિહુ સૂત્રિ, કહ્યા પૂજા અધિકારા;
નિર્મલ ભાવઈ જે કરઇ એ, તે પામઈ પારા. ૬૪

અઠ્ઠય પયારી તણીય રીતિ, આગમિ નવિ દાખી;
સત્તર ભેદ પૂજા વિચાર, ચિહું સૂત્રિહિ સાખી. ૬૫

એકલસાડી ઉત્તરસંગિ, (ઈમ) વ્રત ઉચ્ચરીઇં;
બહુ સૂત્રિઈ ઈમ ભાખિયું એ, તેવી વિધિ કરીઇં. ૬૬

સઙમાયિક દેસાવગાસિક, પોસહ વ્રત લીજઈ;
દેવ પૂજ, ગુરુ વંદીઇ, એ તેહવી ચિહ્નન કાજઇ. ૬૭

શ્રી ઠાણુંગ સમવાય અંગ, કહ્યા વિવાહ પન્નત્તિ;
જ્ઞાતા અંગ, ઉપાસગ દસંગ, અંતગડઇ શ્રુતિ. ૬૮

આવશ્યક ચૂરણિ કહ્યા એ, વિપાક શ્રુતઇ ઉવાઇ;
રાયપસેણીએ બિહું આવશ્યક વૃત્તિઇ. ૬૯



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરઇ કરાવઇ અનુમોદઇ એ, ચવલ લુલિવાવઇ;
આલોયણ તે માસ ચ્યાર, અણઉંઘા આવઇ. ૭૦

નિશીથ છેદ બીજઇ ઉદ્દેસિ, ચૂરણિ નિશીથા;
વિરતિ શ્રુત વડી ભાષ્યઇ, કલ્પ કહ્યા એ અરથા. ૭૧

ગચ્છ ખરતર, નાણાબાલ, ધર્મઘોષ, આગમિયા;
ઓસવાલા, સંડેરા અઉર, સત્તમ આંચલિયા. ૭૨

ચિહું સૂત્રમાહિં વારિઉ એ, ચલવલુ ન લીજઇ;
જમિ ભાખિઉ શ્રી વર્ધમાન, તેહવી પરિ કીજઈ. ૭૩

જતિ કારણિ રાખઈ દુઠમાસ, તીસ પછી છંડઈ;
સદા કાલ જેઈ સંગ હઇએ, જિણઆણા ખંડઈ. ૭૪

જતિ શ્રાવક અંતર બહુ એ, સરસિવ જિમ મેદિરાં;
એક સરીખા કિમ કહીએ, જોઉ મનિ સુંદર. ૭૫

આવશ્યક નિર્યુક્તિ વળી એ, વૃત્તિ તસુ ષટ્ અંતર.
આવશ્યક ચૂરણિ કહ્યા એ, દશ બોલઈ અંતર. ૭૬

ચૂ (હું) અઠ્ઠાઈ જિણ કહી એ, શ્રી ઠાણા અંગિ;
જીવાભિગમ તિહાં કહી એ, પલું મન રંગિ. ૭૭

નારી બઇસીનહુ વંદઇ એ, બિહુ સૂત્રે ભાખી;
વિવાહ પન્નત્તિ નિશીથ છેદ, એ ગ્રંથા સાખી. ૭૮

પડિકમણા શબ્દ ઈરિયાવહી એ, પંચસુત્રિ ભાખી;
આવશ્યક નિર્યુક્તિ અઉર એ, ચૂરણિ સુદાખી. ૭૯

અનુયોગ ચૂરણિ દશ વૈકાલિક એ, ચઉશરણ પયન્ના;
જગ ગુરુવચન તહત્તિ કેરઈ, તિહુયણ તે ધન્ના. ૮૦

જતિ પ્રતિષ્ઠા નવિ કરઈ એ, ચિંહુ સૂતઈ વારી;
આવશ્યક નિર્યુક્તિમાંહિ એ, નિશીથ નિવારી. ૮૧

બૃહત્કલ્પ ચૂરણિ નિશીથ, તિસમાંહિ ઉ જાણ્યા;
વ્રતધારી શ્રાવક કરઇ એ, બૃહત્કલ્પ વખાણ્યા. ૮૨

શ્રી વર્ધમાનિએ અર્થ કહ્યા એ ગૌતમ પૃચ્છયા.
જિનવર વચનત હત્તિ કરઈ એ, સુખ પામઇ ઇચ્છયા. ૮૩

પાખી પુનિમ જાણીઇ, પન્નરે દિનિ કીજઈ;
જિનશાસન માંહિ પરવ જે કે એ દિવસિ ગણી લીજઇ. ૮૪



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવશ્યક ભગવતી વૃત્તિઇ, ઉત્તરાધ્યય વૃત્તિઈ.
આવશ્યક ચૂરણિ કહીએ, ઠાણાંગહ વૃત્તિઈ. ૮૫
પાખીસૂત્ર પાખી ચૂરણિ એ, સૂરજિ પન્નત્તા;
જ્યોતિકરંડ પયન્નસાર એ, જોઉ પાખી નિરત્તા. ૮૬
દશાશ્રુતખંધ ચૂરણિ એ, જંબૂદીવ પન્નત્તી;
પજ્જુસણુ કલપઇ એ, જોઉ ચંદ પન્નત્તી. ૮૭
નિશીય ચુરણિ જાણીએ એ, વિવિહારવૃત્તિ;
ગછોત-પયન્ન જોઈઇ એ, વલી ઠાણંગવૃત્તિ. ૮૮
સત્તરે ઠામિ પાખી કહી એ, પન્નરઈ દિન પૂરા;
છ પાખી વરસઈ કહી એ, એક દિવસ અધૂરા. ૮૯
સિત ઈકતીસઇ સૂત થાનક, દીધી એ હૂંડી;
જે પાલઈ જિનવચન ન માનઈ એ, તેહની મતિ ભૂંડી. ૯૦
શ્રુતપાર નવિ પામીઇ એ, જિસ અર્થ સમગ્રલ;
જે પાલઈ જિણઆણ, સુખ તિસુ હોઈ અનગલ. ૯૧
શ્રી સંઘ ચતુર્થ વિજવંત ઉ, ભરીઉ ગુણઆગર;
શ્રુતપાર કોઈ નવિ લહીએ, દૃષ્ટાંત એ સાગર. ૯૨
સંવત સોલ બિંહુતરઈ એ, ભાદ્રવા સુદિ અગ્યારસિ;
નગર પેરોજપુરિ રાસ રચિઉ, જિહાં ભુહડ પારસ. ૯૩
વિધિરાસ જે પઢઇ ગુણઈ એ, બહુ ભાવના પામઈ;
સંકલેશ સવિ દુર ટલઇ એ, પરમાણંદ પાવઈ. ૯૪
શ્રી અંચલગચ્છ વિધિપક્ષ સબલ, તિસ કોઈ ન જિપઈ;
શ્રી ધર્મમૂર્તિસૂરિ ગુણિ ભંડાર (ગંભીર),
બહુ દિન દિન દીપઈ. ૯૫

(ઇતિ શ્રી વિધિરાસ સમાપ્ત)

હિવઇ ચુલિકા શ્રીગુરુપ્રસાદિ એ,
અરઘ લહ્યા નિર્મલ શુદ્ધ તિકા;
સૂત્ર ભાખી (ભાષ્ય) ચુરણિ નિર્યુક્તિ;
પંચમ અઉર ટીકા. ૯૬
આઠે ઠામે જેઠ પરવ, બાવીસઈ પોસા;
અઢાર ઠામે સામાઇય, ટાલું તિસ દોસા ૯૭



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાતઈ ઠામે જાણુઈ એ, અતિચાર પંચાસી;
તપ ચઉવીસ પહુરઉ એ પોસા, ચિહું સૂત્રઈ ભાસી. ૯૮
ચારે શિક્ષાવ્રત ભેદ ચલ્યા, બિહું સૂત્રઈ કહિયા;
ચલવલુ મુહપતિહઇ નિષેધ, દેશ સૂત્ર સહિયા. ૯૯
ચ્યારિ સામી ભેદ ચલ્યા, છઈ ઠામિ ભાખ્યા;
કરણુ શબ્દ ઇંદ્રિ કહ્યા એ, શતસૂત્ર આખ્યા. ૧૦૦
સત્તર ભેદ પૂજા વિચાર, ચિહું સૂત્રઈ જાણુઉ;
બારહ ઠામિ ઉત્તરસંગ, સહી મનિ આણુઉ. ૧૦૧
ઉપદેશ ચલવલુ નવિ કરિઉ એ, ચિહું સૂતઈ ધારું;
જતિ શ્રાવક દશ બોલ અંતર, તિહું સૂત્ર વિચારું. ૧૦૨
ચઉ અઠ્ઠાઇ હી દુહ સૂતઈ, જિનવર એ ભાખી;
તીને ચઉમાસો જેઠ પરવ, ચઉથીએ દાખી. ૧૦૩
નારી બઈસી નવિવંદઇ, દુહિ સૂત્ર વખાણી;
પડિકમણુ શબ્દ ઈરિયાવહી એ, પંચ સૂતઈ જાણી. ૧૦૪
જતિ પ્રતિષ્ઠા નવિ કરઇ એ, ચિંહુ સૂતઈ વારી;
પાખી સતરહ ઠામિ, વિચારુ તિકરણુ મનિ ધારી. ૧૦૫
સિત એક (તીસ) સૂતનાથક, કહિયા એ અરથા;
ઉત્તમ તે નર જાણીઈ એ, બુજઝીહી એ પરમત્થા. ૧૦૬
જિઉં મદરગિરિ ચુલિકા એ, સોહઈ અતિ ચંગી;
વિધિ રાસ સબ રાસ ભલું, ભણિયો મનરંગી. ૧૦૭

છાજૂ કૃત

[ ઇતિ વિધિરાસ ચૂલિકા સમાપ્ત ]

वीर संवत २४९९, विक्रम संवत २०२९ प्रवर्तमान महा वदि अष्टमी
दिने श्री भुजपुरनगरे श्रीचलगच्छे श्री अंचितामणि पार्श्वनाथजी
सुप्रासादात् लिखितं मुनिकलाप्रभसागरेण परोपकारार्यम् ।



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org